ભિલોડા તાલુકામાં ગુરૂપુર્ણિમાના પાવન પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૯

અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં શામળીયા ભગવાન કાળીયા ઠાકોર મંદીર, ત્રિલોકીનાથ વિષ્ણું મંદીર, ટોરડા ગોપાળાનંદ સ્વામીની જન્મભુમીના પાવન ધામમાં સ્વામીનારાયણ મંદીરમાં ભાવિક ભક્તો વહેલી સવારથી જ દર્શનાર્થે ઉમટ્યા હતા.

ભિલોડા તાલુકામાં ગુરૂ પુર્ણિમાના પાવન પર્વની ઠેર-ઠેર ધામધુમ પુર્વક ઉત્સાહભેર ઉજવણી યોજાઈ હતી. ગુરૂ પુર્ણિમાના પાવન પર્વ નિમિત્તે ગુરૂજીઓના શિષ્યોમાં અનેરો આનંદ, ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળતો હતો. ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં પરમ પુજ્ય સંત શિરોમણી રામજી બાપા, વક્તાપુર ગામના લાલજી મહારાજ, કિશનગઢ ગામના બાળ જયંતાનંદજી મહારાજ,ઝુમસર ગામના સંત શ્રી રઘુવીરદાસજી મહારાજ સહિત ઠેર-ઠેર ગુરૂજીઓના આશ્રમોમાં ભાવિક-ભકતોએ ગુરૂજીઓના દર્શન કરી આશીર્વાદ મેળવી ભાવિક-ભકતો અને શિષ્યોએ ગુરૂજીના ચરણ સ્પર્શ કરી ધન્યતા અનુભવી હતી. મહાપ્રસાદીનો ભાવિક-ભકતોએ લાભ લીધો હતો. ગુરૂ પુર્ણિમાના પાવન પર્વ નિમિત્તે ભાવિક-ભક્તોએ ગુરૂજીઓના દર્શનાર્થે ઠેર-ઠેર વહેલી સવારથી જ ઉમટ્યા હતા. ભિલોડા તાલુકામાં ગુરૂ પુર્ણિમાના પાવન પર્વની ઉજવણી ઠેર-ઠેર દબદબાભેર ભક્તિભાવ પુર્વક યોજાઈ હતી.

મોડાસાના માર્ગો પર માલધારીઓ વતન ભણી....

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખુલ્લા ખેતરોમાં પડાવ નાખીને ૮ મહિના સુધી જીવનનિર્વાહ ચલાવતા કચ્છ અને રાજસ્થાનના માલધારી સમાજના લોકો પરિવાર સહિત ચોમાસુ શરૂ થતા પોતાના વતન તરફ વાટ પકડતા મોડાસા શહેરના માર્ગો પરથી પસાર થતા નજરે ચડ્યા હતા. ચોમાસુ સિઝન પુરી થતા જ ફરીથી માલધારી પરિવારો ગુજરાતના અન્ય લીલોતરી વાળા વિસ્તારોમાં પરત ફરશે.

પાલનપુરમાં ચૂંટણીકાર્ડ બનાવવા સમગ્ર વહીવટી તંત્રની ઝુંબેશ

પાલનપુર, તા.૯

સમગ્ર ગુજરાતમાં આધાર કાર્ડ બનાવવામાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ હરોળ માં છે ત્યારે આજથી ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્ડ બનાવવાની ઝુંબેશ હાથ ધરાઈ છે જેના પગલે આજે બનાસકાંઠા જિલ્લા કલેકટર, પાલનપુર પ્રાંત અધિકારી સાથે સમગ્ર વહીવટી તંત્ર ચૂંટણી કાર્ડ બનાવી આપવાની કામગીરીમાં છેવાડાના ગામડા સુધી પહોંચવાનો પ્રયાસ હાથ ધર્યો છે જેમાં બનાસકાંઠા જિલ્લા કલેકટર સહીત પ્રાંત અધિકારીઓ પાલનપુર શહેર સહિત ગામડાની ગલીઓ સુધી પહોંચી ચૂંટણી કાર્ડ બનાવવાની અપીલ કરી હતી.

અત્રે નોંધનીય છે કે બનાસકાંઠા જિલ્લા માં ૩૨ લાખથી વધુની જનસંખ્યા સામે ૩૦ લાખથી પણ વધારે આધારકાર્ડ બની ચુક્યા છે ત્યારે ચૂંટણી કાર્ડ માટે પણ જિલ્લા કલેકટર દિલીપ રાણા સહિત પ્રાંત કલેકટર રાજુભાઈ કે. પટેલ સહિત સમગ્ર વહીવટી સ્ટાફ આ કામગીરીમાં જોડાયો છે.

બાલારામ નદીમાં ન્હાવા પડેલા પાટણના યુવકનું ડૂબી જવાથી મોત

પાલણપુર, તા.૯

ઉત્તર ગુજરાતના મીની કાશ્મીર ગણાતા પવિત્ર યાત્રાધામ

બાલારામ ખાતે નદીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ ના પગલે બાલારામમાં નદી આવી છે. ત્યારે સહેલાણીઓ સહિત યાત્રિકો નદીનો નજારો માણવા ઉમટી રહ્યા છે. ત્યારે આજે પાટણ જિલ્લાનો અજીમણા ગામ નો ૨૨ વર્ષીય યુવક પ્રવીણભાઈ બળદેવભાઈ ઠાકોર તેના મિત્રો સાથે બાલારામ આવ્યો હતો.

જ્યાં મિત્રો સાથે આ યુવક પણ નદીમાં નાહવા પડ્યો હતો. જ્યાં નદીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું. તરવૈયાઓએ યુવકને નદીમાંથી બહાર કાઢતા તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. દરમિયાન, મૃતકના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પાટણના યુવકના આકસ્મિક મોત ને પગલે તેના મિત્ર વર્તુળમાં રોકકળ મચી ગઈ હતી. આમ, દર વર્ષે બાલારામ નદી માનવ જિંદગી નો ભોગ લે છે. ત્યારે સહેલાણી ઓ સતર્કતા દાખવે તથા પ્રશાશન પણ તકેદારીના પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

કાસવાડ ગામની સુવિધા અંતર્ગત કરેલ

૫૦૦મી. સીસી રોડમાં ગેરરીતિ

મોલપુર, તા. ૯

માલપુર તાલુકાના કાસવાડ ગામની સુવિધા અંતર્ગત કરેલ અંદાજે ૫૦૦મી. સીસી રોડના કામકાજમાં ગેરરીતિ કરી રોડનુ કામ અધુરૂ રાખેલ હોવાથી તેમજ બે માસમાં રોડ તુટી જવાના કારણે ગ્રામજનોએ પીડબલ્યુડી, કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં ધ્યાન દોર્યુ છે.

માલપુર તાલુકાના કાસવાડા ગામ પટેલ તેમજ બક્ષીપંચની વસતી ધરાવતુ ગામ છે. આ ગામમાં અંદાજે ૧૫૦થી વધુ પરીવારો રહે છે. તેમજ આ ગામમાં પ્રા. શાળા, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, પંચાયત, સહકારી મંડળી, દૂધ મંડળી સહીતની સુવિધાઓ ધરાવે છે. આજથી બે એક માસ અગાઉ ગામની સુવિધા અંતર્ગત રોડ તોડી તેના ઉપર સીસી રોડ કરવામાં આવેલ છે. પરંતુ સદર રોડના કોન્ટ્રાક્ટર અન્ય અધિકારીઓ સાથે મળી મીલીભગત કરી રોડનુ કામકાજ અધુરૂ રાખેલ છે. અને રોડની સાઈડે સિમેન્ટના બ્લોક પણ નાખેલ નથી જેના કારણે રોડ તુટી જવા પામેલ છે. તેમજ આ રોડમાં વરસાદી પાણી તથા ગામમાંથી આવતા પાણીના નિકાલ માટે ગરનાળા કે નાકો નહી મુકવાના કારણે ગામનુ પાણી ગામમાં જતા મુખ્ય રસ્તા ઉપર અટકી રહે છે. જેથી ગામ લોકોએ કોન્ટ્રાક્ટરને મૌખીક જાણ કરેલ પરંતુ કોન્ટ્રાક્ટર કહે છે કે થાય તેમ કરી લો રોડ તો આમ જ રહેશે. ગામના પાદરે પ્રા. શાળા તેમજ આંગણવાડી આવેલ છે અને આ રોડમાં ગેરરીતિ કરી ગરનાળા કે નાકો નહી મુકવાના કારણે શાળાએ આવતા બાળકો ઢીંચણસમા પાણીમાં થઈ આવવુ પડે છે. જેના કારણે બાળકો શાળાએ આવવાનુ ટાળે છે. જેથી પીડબલ્યુડી દ્વારા મુખ્ય પાકો ડામર ચીફ એન્જીનયીર ગાંધીનગર, રોડ એન્ડ બિલ્ડીંગ ડીપાર્ટમેન્ટ ગાંધીનગર, વાલીઓ પણ પરેશાન થયેલ છે. આ રોડનો ઢાળ ચોક્કસ પ્રમાણમાં નહી પાડવાના કારણે અકસ્માત સર્જાય છે. જેના કારણે ગ્રામજનોએ કલેકટર અરવલ્લી, જિલ્લા વિકાસ અધિકારી, વિજીલન્સ કમીશન, ક્વોલીટી કંટ્રોલ સહીતના ઉચ્ચ અધિકારીઓને લેખીતમાં ધ્યાન દોર્યું છે. અને જો તાકીદના ધોરણે સદર રોડનું કામકાજ પૂર્ણ કરી ગામના પાણીનો નિકાલ નહી કરાય તો ગાંધી ચિંધ્યા માર્ગે પીડબલ્યુડી માલપુર ઓફિસ આગળ ઉગ્ર આંદોલન કરવાનું ગ્રામજનોએ જણાવેલ છે. ક્વોલીટી કંટ્રોલ તથા વિઝિલન્સ દ્વારા તપાસ કરવામાં આવે તો ઘણા અધિકારીઓની પોલ ખુલે તેમ છે.

વાણીયાવાડા મહિલાના ઘરેથી ૩૪ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ વણઝારા અને તેમની

ટીમને મળેલી બાતમીના આધારે મેઘરજ તાલુકાના વાણીયાવાડા ગામની મહિલા ભૂરીબેન રામાભાઈ ડામોરના ઘરે રેઈડ કરતા મહિલાના ઘરેથી વગર પાસ પરમિટનો ગેરકાયદેસર વિદેશી દારૂ તથા બીયરની પેટી નંગ-૭ તથા છુટી બોટલો મળી કુલ ટીન, બોટલો નંગ-૩૧૧ જેની કિંમત રૂ. ૩૪૬૦૦ નો જથ્થો ઝડપી પાડી મહિલાના ઘરે છુપાડી રાખનાર બુટલેગર જીતેન્દ્ર ઉર્ફે જીતુ શંકરલાલ પટેલ (રહે. વાણીયાવાડા) અને ગેરકાયદેસર દારૂ વેચવાના ગુન્હા હેઠળ અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બન્ને વ્યક્તિઓ સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં ગુરૂપુર્ણિમા મહોત્સવની ઉજવણી

ભિલોડા,તા.૯

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં ગુરૂપુર્ણિમા મહોત્સવની ઉજવણી ધામધુમપુર્વક યોજાઈ હતી. ગુરૂપુર્ણિમા મહોત્સવ નિમિત્તે સંત જોઈતારામ મહારાજના સ્મૃતિ સ્મારક ઉપર પુજન વિધિનો કાર્યક્રમ યોજાયો હતો. સદ્‌ગુરૂનું પ્રતિક પુજન ભાવિક ભક્તો ધ્વારા કરાયું હતું. ભજન, સત્સંગ,આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. ભાવિક ભક્તોએ મહાપ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી. ટાકાટુકા ગામમાં ગુરૂપુર્ણિમા મહોત્સાવ કાર્યક્રમ નિમિત્તે મનહરદાસ, પ્રકાશકુમાર પ્રજાપતી, મુકેશકુમાર પ્રજાપતી તેમજ શિષ્યો ધ્વારા ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ધાનેરાથી સુન્ધામાતા પગપાળા સંઘમાં સતત ચોથા વર્ષે

તુવર પરિવારના યુવાનો દ્વારા હરતો ફરતો કેમ્પ કરી પગપાળા જતા યાત્રિકોની સેવા

પાલનપુર, તા.૯

દર વર્ષ ની જેમાં આ વર્ષે પણ ૩ દિવસય ધાનેરા થી સુન્ધામાતા પગપાળા સંઘ નું આયોજન કરવામાં આવ્યું હતું ,, સુન્ધામાતા પગપાળા સંઘ માં ૩૫૦ થી વધુ પદયાત્રિકો જોડાયા હતા,,, દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ધાનેરા ના તુવર પરિવાર ના યુવાનો દ્વારા ફાળો એકઠો કરી પગપાળા યાત્રિકો ની સેવા માટે હરતો ફરતો કેમ્પ ગોઢવ્યો હતો જેમાં યાત્રિકો ને ફૂટી, ઠંડા પીણાં, પાણીના પાઉચ અને ચોકલેટ આપવામાં આવી હતી ,, સતત ચાર વર્ષો થી તુવર પરિવારના યુવાનો દ્વારા સુન્ધામાતા જતા પદયાત્રિકો માટે ધાનેરા થી રાણીવાડા સુધી હરતા ફરતા કેમ્પ નું આયપોજન કરવામાં આવે છે. આ કેમ્પ માટે કિશોરભાઈ તુવર, લકી તુવર, ઈન્દ્રભાઈ તુવર તેમજ તુવર પરિવારના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

મોડાસાના જીવણપુર બસસ્ટેન્ડ નજીક

બાઈકને પાછળથી ટ્રકે ટક્કર મારતા મહિલાનુ મોત

મોડાસા, તા. ૯

મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા જીવણપુર બસસ્ટેન્ડ નજીક ગુરૂપૂર્ણિમા નિમિત્તે મોડાસાના દેવરાજધામે દર્શનાર્થે બાઈક પર નિકળેલ પરિવાર પર યમદૂત બની ત્રાટકેલા ટ્રકે પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈક પર સવાર મહિલાના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. બાઈકચાલક પતિના શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યારે બાઈક પર બેઠેલા અઢી વર્ષીય બાળકનો અદ્‌ભૂત બચાવ થયો હતો. ટ્રકચાલક અકસ્માત સર્જી ટ્રક ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. મોડાસા રૂરલ પોલીસ અકસ્માત સ્થળે ધસી જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર કિશોરપુરા-ગાંભોઈ નજીક આવેલા શિહોલી ગામના ભરતભાઈ સબસિંહ ડાભી (ઉ.વ.૪૫) તેમની પત્નિ કંચનબેન ભરતભાઈ ડાભી (ઉ.વ.૪૨) અને અઢી વર્ષીય બાળક સાથે બાઈક લઈને મોડાસા નજીક આવેલા દેવરાજધામે દર્શનાર્થે નિકળ્યા હતા. બાઈકચાલક જીવણપુર નજીક શામળાજી તરફથી મોડાસા તરફ આવી રહ્યા હતા ત્યારે શામળાજી તરફથી આવી રહેલી આયશર ટ્રકના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આગળ જઈ રહેલ બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક પર સવાર પતિ-પત્નિ અને બાળક રોડ પર પટકાતા મહિલાના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયુહતુ. જ્યારે પતિના શરીરે ગંભીર ઈજાઓ થતા અકસ્માત

પાંચ વર્ષીય બાળકનો અદ્‌ભૂત બચાવ

સ્થળે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત ભરતભાઈને મોડાસા સાર્વજનિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. અઢી વર્ષીય બાળક રાહુલનો અદભૂત બચાવ થતા બાળકના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી આયશર ટ્રકનો ચાલક ટ્રક ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માત ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાબડતોડ ગટનાસ્થળે ધસી આવી મૃતક મહિલાને પીએમ માટે મોકલી આપી અકસ્માતે મોતનો ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ગુરૂપૂર્ણિમાના દિવસે શિહોલી ગામની મહિલાનુ અકસ્માતમાં મોત નિપજતાં ગાંભોઈ પંથકમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતુ. મહિલાને ગુરૂના દર્શનના બદલે મોત મળતા ડાભી પરિવાર પર આભ તુટી પડ્યુ હતુ.

વડતાલ ધામ ખાતે વિનામૂલ્યે સારવાર-સેવા આપતી

સ્વામિનારાયણ જનરલ હોસ્પિટલનું મુખ્યમંત્રીના વરદ હસ્તે લોકાર્પણ

વડતાલ ધામ ખાતે ૫૦૦ બેડની હોસ્પિટલ અને મેડીકલ કોલેજ શરૂ કરો સરકાર જરૂરી જમીન આપશે : મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

નડિયાદ, તા.૯

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતા વડતાલધામ ખાતે, રોગનિદાન સારવાર અને શસ્ત્રક્રિયાઓ સહિતની આરોગ્ય સેવાઓનો વિનામૂલ્ય લાભ આપનારી સ્વામિનારાયણ જનરલ હોસ્પિટલનું લક્ષ્મીનારાયણ દેવ સંસ્થાના અધિષ્ઠાતા પ.પૂ. રાકેશપ્રસાદજી મહારાજશ્રી તેમજ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુરૂપૂર્ણિમા પર્વની પાવન સભામાં જણાવ્યું હતું કે લોક આરોગ્યનું રક્ષણ કરવું એ સરકારનું મુખ્ય કર્તવ્ય છે. જે સમાજ અને ધર્મ સંસ્થાઓના પીઠબળથી જ સુપેરે અદા કરી શકાશે. તેમણે સંસ્થા વડતાલધામ ખાતે ૫૦૦ બેડની હોસ્પિટલ અને મેડીકલ કોલેજ શરૂ કરવાનું આયોજન કરે, રાજય સરકાર જરૂરી જમીન ફાળવવાનું સૌજન્ય દાખવશે. એવો મહત્વપૂર્ણ સધિયારો આપ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ભાવપૂર્વક રાકેશપ્રસાદજી મહારાજ અને સંતોની ગુરૂવંદના કરી હતી. તથા લક્ષ્મીનારાયણ દેવ અને હરિકૃષ્ણ દેવના દર્શન, પૂજન, અર્ચન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિનમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે ગુજરાતના તમામ સાધુ સંતો મહંતોની આ મંચ પરથી વંદના કરૂં છું અને સાડા છ કરોડની જનતા વતી, ભારત જગતગુરૂ બને અને ગુજરાત રોલ મોડેલ તરીકે દેશમાં મોખરે રહે તેવા આશિર્વાદ માગું છું.

આચાર્ય મહારાજ રાકેશપ્રસાદજીએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને વધાવ્યા હતા તથા મુખ્યમંત્રીશ્રી તરીકે નવી ટર્મમાં તેઓના હાથે જ વડતાલધામમાં મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ ખુલ્લી મુકાય એવી આશિષસભર શુભકામનાઓ પાઠવી હતી. શ્રી નૌતમ સ્વામી, જ્ઞાનજીવનદાસ સ્વામી સહિતના સંતોએ પણ મુખ્યમંત્રીશ્રીના યશસ્વી નેતૃત્વને બિરદાવતા, રાજય સરકારના લોકકલક્ષીતા અને જનકલ્યાણ આયોજનો માટે આશિષ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ખાણ અને ખનીજ મંત્રીશ્રી રોહિતભાઇ પટેલ, ગુજરાત વિધાનસભાના મુખ્યદંડક શ્રી પંકજભાઇ દેસાઇ, સાંસદ સર્વશ્રી દિલીપભાઇ પટેલ, દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્ય શ્રી કેસરીસિંહ, મહેશભાઇ, લાલજીભાઇ, મથુરભાઇ સવાણી, રાજેશભાઇ સહિત દાતાઓ, સંત સમુદાય, વડતાલના સરપંચશ્રી જગદિશભાઇ, વડતાલ ટેમ્પલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીઓ અને ખૂબ વિશાળ સંખ્યામાં હરિભકતો ઉપસ્થિત રહયા હતા.